| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૮/૧૧/૨૦૨૩   મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૯૨૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૯૫ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓની ઝડપી રોકડ રૂપિયા ૩૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૯૨૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ-   સમાચાર યાદી નં.૧૯૨૫/૨૦૨૩

**ચાંદખેડાઃ** સુમીત નટવરલાલ સોલંકી (રહે. શ્યામ બંગ્લો-૨ આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ તા.૨૭/૧૧/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૨૪/૧૧/૨૦૨૩ સવારના ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાથી ઇલેક્ટ્રોનીક સરસામાન તેમજ રોકડ રૂપિયા તેમજ રેનોલ્ટ કવીડ કાર નંબર જીજે ૦૧ આરએસ ૩૯૧૫ મળી કુલ રૂપિયા ૧,૬૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી જયાબેન લાલાભાઈ ચલાવે છે.

**દાણીલીમડાઃ** રીનાબહેન વા/ઓ મનોજભાઈ રાવત (રહે.આશાપુરાનગર ખોડીયારનગર ચાર રસ્તા પાસે બહેરામપુરા)એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી તા.૨૭/૧૧/૨૦૨૩ કલાક ૧૧/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભુપેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૬/૨૦૨૩**

**ઓઢવઃ** ભુપેન્દ્રભાઈ ગણપતલાલ જોષી (ઉ.વ.૫૨) (રહે. પરિમલ રેસીડેન્સી ઈન્દ્રપ્રસ્થ સોસાયટી પાસે નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર ચાર રસ્તાથી સોનીની ચાલી તરફ જતા ગોપીનાથ એસ્ટેટ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષે ભુપેન્દ્રભાઈ જોષીને વાહન ચલાવવા બાબતે એક્ટીવા ઉભુ રખાવી એક્ટીવાથી થોડા દૂર લઈ જઈ વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા દરમ્યાન અન્ય પુરૂષ એક્ટીવાની ડેકી તોડી, ડેકીમાંથી રોકડ રૂપિયા ૧૪,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**બોડકદેવઃ** ઉમેષભાઇ મુરલીધર રાઠી (ઉ.વ.૭૮)(રહે.ઇસ્ટ ઇબોની, રાજપથ ક્લબની પાછળ, બોડકદેવ) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૧/૨૦૨૩ સાંજના ૬/૪૫ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા પ્રકાશ શંકર ભાટ (રહે, ગામ-ઢાકરડા થાના-સરાડા જિલ્લો-ઉદેયપુર રાજસ્થાન) ઉમેષભાઇના ઘરમાંથી ચાંદીની મુર્તીઓ તથા એપલ કંપનીના આઇપેડ નંગ-૨ મળી કુલ રૂપિયા ૭૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૭/૨૦૨૩**

**નારણપુરાઃ** સમીપ વિનોદભાઇ પટેલ (ઉ.વ.૩૭) (રહે. સુંદરનગર એપાર્ટમેન્ટ નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૧/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના બંન્ને હાથની નસો કાપી નાખતા તેઓનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ટી.ચારણ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** મોહમદઇરફાન સગીરઅહેમદ અન્સારી (ઉ.વ.૩૩) (રહે. આફ્રિન ફ્લેટ બેરલ માર્કેટ અંદર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૧/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા વાસણા બેરેજ પાસે રિવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૫૬ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી